# કોંગ્રેસ માટે સૌથી મોટો પડકાર નરેન્દ્ર મોદીનો ગુજરાત લગાવ

## મોદી કેન્દ્રમાં ગયા પછી પણ ગુજરાત સાથે હૃદયથી એટલા જ જોડાયેલા રહ્યા છે અને ગુજરાતી એ ફિલ કરી શકે છે



ગાંધીનગર, તા. ૨૮

કોંગ્રેસ પાર્ટીમાં પાછલા કેટલાક સમયથી રાહુલ ગાંધીને અધ્યક્ષ બનાવવની માંગ ઉઠી છે. અને એમાં પણ ગુજરાતમાં એમણે શરુ કરેલ ચુંટણી પ્રચાર અને લોકોના કોંગ્રેસ તરફી જુકાવ બાદ કોંગીઓ ગેલમાં આવી ગયા હતા. અને એમાં પણ લોકઆંદોલનના ત્રણેય નેતાઓના સમર્થન બાદ કોંગ્રેસને એમ લાગવા લાગ્યું હતું કે, હવે બાજી ફરી એકવાર કોંગ્રેસના હાથમાં આવી ગઈ છે. જો કે અસલમાં રાજ્યસભાની ચુટણીમાં ભાજપના લાખ પ્રયત્ન છતાં અહમદ પટેલની જીત બાદથી જ કોંગ્રેસની સ્થિતિમાં બદલાવ આવવા લાગ્યો હતો. અને એમાં પણ તાલુકા પંચાયતની ચુંટણીઓમાં મળેલ જીત બાદ કોંગ્રેસનો વિશ્વાસ વધ્યો હતો. આ ચુંટણીઓમાં અમરેલી જીલ્લા પંચાયતની , મોટાભાગની તાલુકા પંચાયત, પાલિકા પર કોંગ્રેસના કબજો થયો હતો. અને રાહુલ ગાંધીએ મોદી સ્ટાઈલથી હિન્દુઓના દિલ જીતવા મંદિરોનાં દર્શન, આરતી, ભજનો અને ચોટીલાના મંદિરનાં પગથીયાં ચડી દર્શન કરવા જેવાં કાર્યો કર્યાં હતાં.

પરંતુ એ અગાઉ કોંગ્રેસે સોનિયાના અધ્યક્ષપદે બહુ ભૂંડી હારનો સામનો કરવો પડ્યો હતો. જેમાં છેલ્લે છેલ્લે કોંગ્રેસ નામશેષ થઈ જશે એમ લોકોને પણ લાગતું હતું. વધુમાં એમ પણ સાંભળવા મળી રહ્યું છે કે, કોંગ્રેસ પાસે ચુંટણી ફંડના પણ પૂરતા પ્રમાણમાં નાણા નહોતા. અને આવું બનવાની ભરપુર સંભાવના રાજનીતિમાં હોય છે. કેમ કે, ડૂબતા જહાજમાં કોણ સવાર થાય ? તો બીજી તરફ ઢગલાબંધ નાના-મોટા નેતાઓ અને કાર્યકર્તા પણ હવાનો રુખ જોઈ કોંગ્રેસ છોડી ભાજપની નાવમાં સવાર થયા હતા. આ અવસરવાદી નેતાઓએ પણ કોંગ્રેસની આબરૂના લીરા કર્યા છે.

લોકો પાસે અન્ય વિકલ્પ ના હોઈ જયારે કોઈપણ રાજ્યમાં સત્તાધારી પાર્ટી વિરુદ્ધ લોકોનો અભિગમ બદલાય ત્યારે એનો લાભ વિરોધી પાર્ટીને મળે છે. અને આ સિદ્ધાંત મુજબ કોંગ્રેસ પાસે હજુ સમય છે. પરંતુ લોકો મોદીના અનેક નવા પ્રયાસો અને નાની-મોટી યોજનાથી ખુશ છે. ત્યારે કોંગ્રેસ માટે એમ ૨૨ વર્ષની જુગત તોડવી આસન બને એવું લાગતું નથી. નોટબંધીથી અનેક લોકો પરેશાન થયા છે પરંતુ સાવ સામાન્ય માણસો એ ક્યાંક ખુશી પણ અનુભવી છે. અને એનું કારણ સુખી સમાજ તરફ સામાન્ય માણસનો અણગમો જવાબદાર હોઈ શકે.

ત્યારે કહેવાનો આશય તે છે કે, મોદી વિરોધી લહેર માટે નોટબંધી એ પ્રમુખ કારણ ના બની શકે. એમાં પણ જયારે ગુજરાતની પબ્લિક જાણે જ છે કે, મેટ્રો હોય કે દેશ માટે રોલ મોડેલ રાજ્ય હોય કે પછી વિદેશી મહેમાનોની પરોણાગત હોય-મોદીનું ગુજરાત માટેનું ખેંચાણ લોકો પણ અનુભવી શકે છે. અને તેથી જ લોકોની અને ખાસ તો ગુજરાતીઓની મોદી સાથેની લાગણી કે લગાવ એમ આસાનીથી કોંગ્રેસ તોડાવી નહિ શકે. માની લેવામાં આવે કે, ગુજરાત પાસે એટલી મજબૂત નેતાગીરી નથી પરંતુ મોદી કેન્દ્રમાં ગયા પછી પણ ગુજરાત સાથે હૃદયથી એટલા જ જોડાયેલા રહ્યા છે. અને ગુજરાતી એ ફિલ કરી શકે છે. વળી આંદોલનકરી ૩ નેતાની ત્રિપુટીમાં પણ ભંગાણ પડવાનું ચાલુ છે. હા, એક વાત છે કે, મતોનું ધ્રુવીકરણ જરૂર થશે. અને ભાજપે ધારેલ સફળતા એને નહિ મળે. પરંતુ કોંગ્રેસને આસાનીથી જોરદાર જીત તો નહિ જ મળે.

# જીએસટી પાર્ટીને ચૂંટણી જીતાડશે કે હરાવશે ?

## વડાપ્રધાન મોદીનો દિલ્હી માટેનો રોડમેપ વાયા ગાંધીનગર

ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ એક અખતરો કર્યો હતો. ગુજરાત વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭માં વડાપ્રધાને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની સમજ આપવાનો પ્રયાસ કર્યો હતો. દેશ-વિદેશના મહેમાનોને મોદી એવું સમજાવવાનો પ્રયાસ કરતા કરતાં હતા કે હવે એક ભારત-એક ટેક્સની ફોર્મ્યુલા દાખલ કરી છે.

મોદીએ કેન્દ્રીય મંત્રીઓ જેવાં કે અરૂણ જેટલી, રાજનાથસિંહ, પિયુષ ગોયલ, સ્મૃતિ ઈરાની, પ્રકાશ

### નોટબંધી પછી ઉત્તરપ્રદેશનો જંગ જીત્યો છે, જીએસટી પછી ગુજરાતનો વારો

જાવડેકર, વૈંક્યા નાયડુને ગાંધીનગરમાં બોલાવીને જીએસટીની સાચી સમજ લોકો સુધી પહોંચાડી હતી પરંતુ તે સમયે કોઈ ચૂંટણી ન હતી તેથી લોકોને ધ્યાન ગયું નહીં પરંતુ હવે જીએસટીની ખરી મજા લૂંટવાનો સમય આવ્યો છે.

નોટબંધી પછી ઉત્તરપ્રદેશની ચૂંટણી આવી હતી પરંતુ આ ચૂંટણીમાં મોદીને સૌથી મોટો ફાયદો થયો અને અન્ય પાર્ટીઓ જેવી કે સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસનું ધોવાણ થઈ ગયું. નોટબંધી મોદીને ફળી હતી. હવે જીએસટીનો વારો છે અને તેમાં ગુજરાત સાથે હિમાચલ પ્રદેશ પણ જોડાયેલું છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણી એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે લિટમસ ટેસ્ટ છે, કારણ કે આ ચૂંટણીમાં મોદીનો જીએસટી ટેસ્ટ થવાનો છે. નોટબંધી પછી જીએસટી એ મોદી માટે સૌથી મોટો માથાનો દુખાવો છે. મોદીની પોપ્યુલારિટી આ ચૂંટણીમાં મપાઈ જશે.

### મોદીની પોપ્યુલારિટી મપાઈ જશે અને એના આધારે દિલ્હીનો પ્લાન બનશે

સિંગાપોરની લેન્ડર ડીબીએસ બેન્કે કહ્યું છે કે મોદી સરકારની લોકપ્રિયતાની ચાવી ગુજરાત અને હિમાચલ પ્રદેશની જનતાના હાથમાં છે. મોદીનું ૨૦૧૯નું ભાવિ પણ આ ચૂંટણીમાં મપાઈ જશે. સિંગાપોરની બેન્ક જીએસટીને સૌથી મોટો બદલાવ કહે છે. ગુજરાતમાં હાલ નાના વેપારીઓ અને વિવિધ સમાજ ભાજપથી વિમુખ થયેલો છે. આ ચૂંટણીમાં મોદીને આ સમૂહ તેવો પ્રતિસાદ આપે છે તેના પરથી મોદીનું ભાવિ નક્કી થાય તેમ છે. મોદીએ નોટબંધી પછી જીએસટીનો સૌથી મોટો બદલાવ કર્યો છે અને તે લોકોને ઝડપથી ગળે ઉતરે તેવો નથી.

ભ્રષ્ટાચાર અને બ્લેકમની માટે મોદી અને તેમની સરકાર ભારતમાં લડી રહી છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશ તેમાં કેટલો ફાળો આપે છે તે જોવાનું રહે છે. કારણ કે પોલિટીકલી મોદીને મોટો ફટકો પડી શકે છે. જો કે ઉત્તરપ્રદેશની ચૂંટણીના પરિણામોએ નોટબંધીના પારખાં કરી લીધા છે. મોદીના પહલાં અને ભાજપને જનતાએ આવકાર આપ્યો છે.

આ બેન્કે એવું પણ નોંધ્યું છે કે ૨૦૦૨ની ચૂંટણી પછી પહેલીવાર મોદી આ ચૂંટણી લડી રહ્યાં નથી. ગુજરાત ભાજપ મોદી વિના પહેલી ચૂંટણી લડે છે અને

### ગુજરાતની ચૂંટણીમાં મોદીના બે મહત્વની આર્થિક સુધારાની મોટી અસર

તેના માથે નોટબંધી ઉપરાંત જીએસટીનો મોટો ભાર છે. ૨૦૧૯નું લોકસભાનું જનરલ ઈલેક્શન પણ આ ચૂંટણીને આધિન છે તેવું બેન્કે લખ્યું છે.

હિમાચલ પ્રદેશમાં ૯મી નવેમ્બરે ચૂંટણી છે અને




ગુજરાતમાં ૯ અને ૧૪ ડિસેમ્બરે છે. આ બન્ને રાજ્યોના રિઝલ્ટ ૧૮મા ડિસેમ્બરે એકસાથે આવશે. જો કે ઓપિનિયન પોલ બન્ને રાજ્યોમાં ભાજપની સરકાર આવશે તેવું ભવિષ્ય બતાવે છે. એક હકીકત એવી છે કે ગુજરાતની જનતા ૧૯૯૫ પછી અધુરો મેન્ડેટ આપતી નથી.

ગુજરાતના મતદારોએ ભાજપ પર વિશ્વાસ મૂક્યો હતો. ભાજપને છેલ્લી ચાર ચૂંટણીમાં બહુમતિ મળી છે. હવે ૨૦૧૭ની ચૂંટણીમાં જીએસટી એ વિપક્ષનો મોટો મુદ્દો છે. આ સાથે નોટબંધી પણ છે. આ બન્ને આર્થિક સુધારા થયા પછી ગુજરાતમાં ચૂંટણી આવી છે. લોકો આ બન્ને મુદ્દાઓને કેવી રીતે મૂલવે છે તે ૧૮મી ડિસેમ્બરે જ્યારે ઈવીએમના આંકડા બહાર આવશે ત્યારે ખબર પડશે.

# વરૂણ હજુ પૈસા આપી પાટીદાર યુવાનોને લાલચ આપી રહ્યો છે




## અનામતના મુદ્દે કોંગ્રેસ તેનું વલણ સ્પષ્ટ કરે : રેશ્મા-વરૂણ રાજકીય મહત્વકાંક્ષાને લઇ સમાજને વેચવા નીકળ્યા છે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપ, કોંગ્રેસ અને પાટીદારો દ્વારા ઓડિયો કલીપથી માંડી આક્ષેપો-પ્રતિઆક્ષેપો અને કૌભાંડના પર્દાફાશની કૂટનીતિઓ ચાલી રહી છે ત્યારે ભાજપમાંથી તાજેતરમાં જ છેડો ફાડનાર યુવા પાટીદાર નેતા નિખિલ સવાણીએ આજે ફરી એકવાર રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ગંભીર આક્ષેપો કર્યા હતા. નિખિલ સવાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વરૂણ પટેલ હજુ પણ પૈસા આપીને પાટીદાર યુવાનોને લાલચ આપી રહ્યો છે. પાટીદારો સાથે દગો કરી રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ભાજપમાં જોડાઈ જઈ પોતાની રાજકીય મહત્વકાંક્ષા પૂર્ણ કરવા સમાજને વેચવા નીકળ્યા છે.

સવાણીએ અનામતના મુદ્દે કોંગ્રેસ પક્ષને પણ તેનું વલણ સ્પષ્ટ કરવા તાકીદ કરી હતી. સવાણીએ જણાવ્યું કે, તા.૩જી નવેમ્બર પહેલાં કોંગ્રેસ તેનું વલણ સ્પષ્ટ કરશે તો, અમે સુરતમાં તેમનું સ્વાગત કરીશું. રાહુલ ગાંધી તા.૧લીએ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે અને હાર્દિક પટેલે પણ જયારે કોંગ્રેસને અનામત મુદ્દે કોંગ્રેસને તેનું સ્ટેન્ડ કલીઅર કરવા જણાવ્યું છે ત્યારે કોંગ્રેસે પોતાનું વલણ સ્પષ્ટ કરી દેવું જોઈએ. કોંગ્રેસને સમર્થન આપવું કે નહી તે મુદ્દે હાર્દિક પટેલ નક્કી કરશે, અમે તેની સાથે છીએ.પાટીદાર સમાજનો સાથ છોડી ભાજપમાં જોડાઈ ચૂકેલા રેશ્મા પટેલ અને વરૂણ પટેલ પર પણ સવાણીએ આકરા પ્રહારો કર્યા હતા કે, આ બંને જણાં પોતાની રાજકીય



મહત્વકાંક્ષા પૂરી કરવા પાટીદાર સમાજને વેચવા નીકળ્યા છે. પરંતુ જો રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ચૂંટણી લડશે તો પાટીદાર સમાજ દ્વારા તેમનો ઠેર-ઠેર વિરોધ કરાશે. વરૂણ પટેલે ભાજપના ઈશારે જે પ્રકારે મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલને પૈસા આપીને ખરીદવાનો પ્રયાસ કર્યો તે ઘટના પછી ભાજપનો ચહેરો ગુજરાતની જનતામાં ખુલ્લો પડી ગયો છે. જો ભાજપ અનામત નથી આપતું તો, રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ભાજપમાં શા માટે જોડાયા એવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો. પાટીદાર સમાજના વોટ્સ અપ ગ્રુપમાંથી રેશ્મા પટેલને કાઢી નાંખવા બદલ પાટીદાર સમાજના યુવાનને ફોન કરી ખખડાવનાર રેશ્મા પટેલની સવાણીએ ઝાટકણી કાઢી હતી અને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, રેશ્મા પટેલ પાટીદાર યુવાનોને ધમકાવવાનું બંધ કરે. દાદાગીરી કરતાં અમને પણ આવડે છે.

# આખરે અનાર પટેલ રાજકારણમાં સક્રિય

ગાંધીનગર, તા. ૨૮

ભાજપ કોગ્રેસ ઉપર પરિવારવાદનો આરોપ મુકતો આવ્યો છે અને બીજી તરફ ભાજપી નેતાઓના સંતાનો એક પછી એક રાજકારણમાં આવી રહ્યા છે, હવે ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના પુત્રી અનાર પટેલે પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો હિસ્સો બની સક્રિય રાજકારણમાં આવવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે, હમણાં સુધી અનાર પોતાના અંગત મિત્રોને પોતે રાજકારણમાં આવવા માગતા નથી તેવું કહ્યું હતુ પણ હવે ઊભા થયેલા સંજોગોમાં ખુદ આનંદબહેન પટેલ માને છે કે અનારે રાજકારણમાં આવવું જોઈએ.ભાજપની અનિર્ણાયક સ્થિતિમાં ભાજપ હાઈકમાન્ડે પહેલા આનંદીબહેન પટેલના નેતૃત્વમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી, પણ અચાનક કોઈક કારણસર નરેન્દ્ર મોદીએ પોતાનો નિર્ણય બદલી





આનંદીબહેન પટેલને ચૂંટણીમાંથી ખસી જવાની સલાહ આપી,બીજા હુકમની રાહ જોવા કહ્યું હતું, પણ તે વાતને પણ દિવસો પસાર થઈ ગયા અને બીજો હુકમ પણ આવ્યો નહીં. આ દરમિયાન ચૂંટણી પણ જાહેર થઈ ગઈ, હવે નરેન્દ્ર મોદીની સલાહ પ્રમાણે આનંદીબહેન ચૂંટણીમાંથી ખસી ગયા અને જો ભાજપ તેમના સક્રિય રાજકારણ માટે કોઈ નિર્ણય કરે નહીં તો તેવા સંજોગોમાં આનંદીબહેન માટે પોતાની દિકરી અનારને રાજકારણમાં લાવવા સિવાય કોઈ રસ્તો ન્હોતો.સુત્રોના જણાવ્યા પ્રમાણે હવે જો નક્કી જ હોય કે આનંદીબહેન પટેલ ચૂંટણી લડતા નથી તો બહેની ઈચ્છા છે કે ઘાટલોડિયાની ખાલી પડનારી તેમની બેઠક ઉપર અનારે ચૂંટણી લડવી પડે, બીજી તરફ આનંદીબહેન ખસી જાય તો ભાજપ માટે અત્યંત સલામત ગણાતી આ બેઠક ઉપર એ ભાજપીઓનો ડોળો છે, ખુદ અમિત શાહ પણ પોતાના વિશ્વાસુ બીપીન ગોતાને ચૂંટણી લડાવવા માગે છે, તેના કારણે અનાર માટે પણ સરળ રીતે આ બેઠક મળી જાય તેમ નથી, આમ છતાં પક્ષમાં આટલા વર્ષો પસાર કરનાર આનંદીબહેન હાઈકમાન્ડ પાસે પોતાનો આગ્રહ મુકી અનારને ટીકીટ આપવાશે તેવું તેમના નજીકના માને છે.

# રાજકોટમાં રાજપુતોની વિશાળ રેલી નિકળી



ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના વિવિધ શહેરોમાં રાજપુત સમાજે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સામે શરૂ કરેલું આંદોલન ગતિ પકડતુ જાય છે. રાજકોટમાં આજે શનિવારના રોજ નિકળેલી વિશાળ રેલીમાં જીતુ વાઘાણીના પુતળાને પણ રાખવામાં આવ્યુ અને રેલી બાદ રાજપુત સમાજે જીતુ વાઘાણીના પુતળાને જાહેરમાં ફાંસી આપી તેના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.

ભાવનગરના રાજપુત આગેવાન દાનસંગભાઈ મોરી ઉપર કરવામાં આવેલા ખોટા કેસ પરત ખેંચવાની માગણી સાથે શરૂ થયેલા આંદોલનને નજર અંદાજ કરવાની ભાજપને ભુલ ભારે પડી રહી છે, રાજપુત સમાજે જીતુ વાઘાણી માફી માંગે તેવી માગણી પણ કરી હતી, છતા સત્તાના નશામાં રહેલા જીતુ વાઘાણી માફી માગવાનો ઈન્કાર કર્યો હતો. તેમાં શુક્રવારના રોજ વઢવાણમાં પણ મોટી રેલી નિકળી હતી. આમ હવે આ આંદોલનમાં વિવિધ રાજપુત સમાજ જોડાઈ રહ્યા છે. તા ૫મી નવેમ્બરના રોજ બાવળાના ભાયલા ખાતે વિશાળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ આંદોલન અને સંમલેન માટે કારડીયા રાજપુત સમાજના આગેવાન કાનભા ગોહિલ ગામે ગામ ફરી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે પચાસ હજાર કરતા વધુ રાજપુત સમાજના લોકો આ સંમેલનમાં આવશે.

# મતદારો મુંઝવણમાં : આ તો ચૂંટણી જંગ કે પાટીદાર જંગ ?

ગાંધીનગર, તા. ૨૮

ખુદ બંને પાર્ટીના કાર્યકર્તાઓ જ જણાવી રહ્યા છે કે, ચુંટણીનો રંગ હજુ બરાબર જામતો નથી. અને વાતમાં તથ્ય પણ છે. હાલ ટીવી પર કે અખબારોમાં ચુંટણીના મુદ્દાઓની ચર્ચાઓ અને ભાજપ-કોંગ્રેસ ની એકબીજા તરફી આક્ષેપ-પ્રતિ આક્ષેપની ચર્ચાઓને બદલે પાટીદારો વચ્ચેનો જંગ છેડાઈ ચુક્યો છે. અને એટલે જ ફરી એકવાર લોકોને પણ ઈવન લાગી રહ્યું છે કે, આ તો ચુંટણીનો જંગ છે કે, પાટીદારોની આંતરીક લડાઈ. અને વાતાવરણ જ કૈક એવું જામ્યું છે કે, હાર્દિક પટેલથી ચાલુ થયેલ પાટીદાર અનામત અંદોલન આજે એની દશા અને દિશા બદલી ચુક્યું છે. હાર્દિક બાદ નરેન્દ્ર પટેલ અને પાસના અન્ય કન્વીનારોમાં રેશમા પટેલ અને વરુણ પટેલે પણ આ રાજકીય બયાન્બજીમાં ઝંપલાવ્યું છે. અને હાલ સ્થિતિ તે છે કે, પાટીદારના આંદોલન કે વિરોધનો બંનેમાંથી કોઈ પાર્ટી કોઈ રાજકીય લાભ લઈ શકશે નહિ કે એમના રોટલા શેકી શકશે નહિ. અને આ સિવાય ઈવન પાટીદારોને પણ કોઈ જ લાભ આ આંદોલન કે એના નેતાથી થશે નહિ.

પાટીદાર નેતાઓએ ચાલુ કરેલ સોદાબાજીના બંને તરફી વિડીઓ અને ઓડીઓ કલીપ એક પછી એક વાયરલ થઈ રહ્યા છે. અને આ કહેવાતા નેતાઓ ખુલ્લા પડી રહ્યા છે. અને આ બધી સ્થિતિના કારણે કોંગ્રેસને અગાઉ એમ લાગતું હતું કે તેઓ ફાવી ગયા છે. અને હવે પાટીદારોના મત એમને ખોબે ખોબે મળશે. પરંતુ પલ્લું ઊંધું પડ્યું છે અને ઉલટા નું એક તરફ કોંગ્રેસમાં જ હાર્દિકના આ ખુલ્લા સપોર્ટનો વિરોધ થઈ રહ્યો છે. તો સામે છેડે હાર્દિકને તડીપારના કોર્ટે કરેલ આદેશ બાદ હવે હાર્દિકે હવે ગુજરાત બહાર રહેવું પડશે.

જો કે, સામે છેડે ભાજપે પણ રેશમા પટેલ અને વરુણ પટેલને ૨ જ દિવસમાં ભાજપમાં સમાવી આ બંને પાટીદાર નેતાની ઈમેજનું ધોવાણ કર્યું છે. કેમ કે લોકો પણ જાણે જ છે કે આ એક રાજકીય સોદો છે. અને આમાં લોકોનું કોઈ હિત સમાયું નથી. શિયાળ તાણે સીમ ભણી અને કુતરું તાણે ગામ ભણી જેવો ઘાટ થયો છે. આ નેતાઓ પાટીદારોનું હિત જોવાને બદલે એમનું અંગત હિત જોઈ રહ્યા છે એવો સાફ મેસેજ લોકોમાં જઈ રહ્યો છે. આટલું ઓછુ હોય એમ પાટીદારોમાં હાર્દિકની અત્યત ઉંચી આવેલ લાઈફ સ્ટાઈલ વિષે પણ અવાર નવાર ચર્ચાઓ થાય છે. હાર્દિકની એક ડ્રાઈવર તરીકેની સફરથી ફાઈવ સ્ટાર હોટેલમાં રોકાણોની ચર્ચો છેડચોક થઈ રહી છે. એ પણ જાહેર થયું છે કે, ભાજપનો વિરોધ કરાવવા જીલ્લા પંચાયતની ગ્રાન્ટના નાણાનો પણ દુરુપયોગ થતો હતો. તેમજ કોંગ્રેસ વખતોવખત નાણા પુરા પડતું આવ્યું છે. જીલ્લા પંચાયતની ૭૫ લાખની ગ્રાન્ટમાંથી ૨૫ લાખ પાસના કન્વીનરને આપવામાં આવ્યા હતા.

ત્યારે એક વાત નક્કી છે કે, ડીસેમ્બરમાં ચુંટણી પૂરી થાય એ પહેલા હજુ કેટલાય પત્તા ખુલશે. અને આ બધા ખેલ રાજનીતિની આડમાં જ ખેલાશે. જો કે આ બધા ડ્રામામાં કોઈ પબ્લિકના દિલને પણ પુછે કે એના પર શું વીતતી હશે ? એ ભરોસો કરે તો પણ કોનો કરે ?